RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 284* Date: 03.08.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કલમ ૩૭૦ મુદ્દો

# લોકશાહી પુનઃસ્થાપિત કરવાની આડમાં આપણે લોકશાહીનો નાશ કર્યો,એક ગેરબંધારણીય પ્રક્રિયા દ્વારા સમગ્ર માળખું બદલવામાં આવ્યું



નવીદિલ્હી,તા.૨

જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવાને પડકારતી અરજીઓ પર પાંચ જજોની બંધારણીય બેંચ સુનાવણી કરી રહી છે. જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંત સીજેઆઈ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ સભ્યોની બંધારણીય બેંચમાં સુનાવણી કરી રહ્યા છે. કલમ ૩૭૦ હટાવવાના વિરોધમાં કુલ ૨૩ અરજીઓ પર સુનાવણી ચાલી રહી છે.

ખાસ વાત એ છે કે આ સુનાવણી કલમ ૩૭૦ હટાવવાના ૪ વર્ષ પહેલા માત્ર ત્રણ દિવસ પહેલા શરૂ થઈ હતી. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ, ભારત સરકારે ૧૯૫૪ના આદેશને રદ કરતો રાષ્ટ્રપતિનો આદેશ જારી કર્યો, જેમાં ભારતીય બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ અને કાશ્મીરને લાગુ કરવામાં આવી. આ આદેશ ભારતની સંસદના બંને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતીથી પસાર કરાયેલા ઠરાવ પર આધારિત હતો.

૬ ઓગસ્ટના અનુગામી આદેશમાં કલમ ૩૭૦ની કલમ ૧ સિવાયની તમામ કલમો રદ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ ઘડવામાં આવ્યો હતો, જેણે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યું હતું. આ મામલે સુપ્રીમ કોર્ટમાં નોંધ દાખલ કરવામાં આવી છે. અરજદારોના કુલ ૧૮ વકીલોએ કેસની દલીલ કરવા માટે લગભગ ૬૦ કલાકનો સમય માંગ્યો છે.

નોંધ અનુસાર, કપિલ સિબ્બલ (૧૦ કલાક), ગોપાલ સુબ્રમણ્યમ (૧૦ કલાક), રાજીવ ધવન, દુષ્યંત દવે, ગોપાલ શંકર નારાયણન, શેખર નાફડે, મેનકા ગુરુસ્વામી, ચંદર ઉદય સિંહ, નિત્યા રામકૃષ્ણન વગેરે ચર્ચા કરશે. જ્યારે એટર્ની જનરલ આર વેંકટરામણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા કેન્દ્ર તરફથી દલીલો કરી હતી આ સુનાવણી સોમવાર અને શુક્રવાર સિવાય તમામ દિવસે થશે. સુપ્રીમ કોર્ટના પાંચ વરિષ્ઠ ન્યાયાધીશો સીજેઆઇ ડી વાય ચંદ્રચુડની અધ્યક્ષતામાં કલમ ૩૭૦ પર બંધારણીય બેંચની સુનાવણી કરી રહ્યા છે. બેન્ચમાં સામેલ ત્રણ જજ ભવિષ્યમાં સીજેઆઇ બનશે.

જેમાં જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતનો સમાવેશ થાય છે. જ્યારે જસ્ટિસ સંજય કિશન કૌલ બીજા સિનિયર જજ છે, તેઓ આ વર્ષે ૨૫ ડિસેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. એટલે કે કલમ ૩૭૦ પર કોર્ટનો નિર્ણય ૨૫ ડિસેમ્બર સુધીમાં આવી જશે. અકબર લોન વતી કપિલ સિબ્બલે કહ્યું કે આ ઘણી રીતે ઐતિહાસિક ક્ષણ છે, આ કોર્ટ તપાસ કરશે કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ઈતિહાસને કેમ ફેંકી દેવામાં આવ્યો.તેમણે કહ્યું કે શું સંસદ દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયા લોકશાહીને અનુરૂપ છે, શું જમ્મુ-કાશ્મીરના લોકોની અપેક્ષાઓને દબાવી શકાય છે.

## બિહાર સરકારનો મહત્વપૂર્ણ નિર્ણયઃ રાજ્યમાં ૯ થી ૪ વાગ્યા સુધી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ બંધ રહેશે

પટના, તા. ૦૨

બિહાર સરકારના શિક્ષણ વિભાગે પોતાની મરજીથી ચલાવી રહેલ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ પર સકંજો કસવાની તૈયારી કરી રહ્યું છે. બિહાર શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ કેકે પાઠકે સરકારી સ્કૂલોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીઓની સતત ઘટી રહેલી હાજરીને લઈને અનેક જરૂરી નિર્ણયો કર્યા છે. જેમાં રાજ્યના કોચિંગ ઈન્સ્ટિટ્યૂટનું ટાઈમિંગ પણ સામેલ છે.બિહારમાં મોટા ભાગના કોચિંગ સેન્ટર સવારે ૯:૦૦ વાગ્યે ચાલુ થઈ જાય છે. જેના કારણે અનેક વિદ્યાર્થીઓ સ્કૂલ છોડીને કોચિંગ સેન્ટરમાં અભ્યાસ કરવા માટે પહોંચી જાય છે. જેના કારણે સરકારી સ્કૂલોમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ખૂબ જ ઘટાડો નોંધાય રહ્યો છે. મોટાભાગે ૯માં અને ૧૨માં ક્લાસના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની હાજરી ઘટી રહી છે. આ બાબતને ધ્યાનમાં લેતા કેકે પાઠકે તમામ જિલ્લા અધિકારીઓને પત્ર લખીને આદેશ આપી દીધો છે કે, તેમના જિલ્લામાં સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા વચ્ચે કોઈ પણ કોચિંગ સંસ્થાઓનું સંચાલન કરવામાં ન આવે જેથી વિદ્યાર્થીઓ સ્કૂલમાં જઈ શકે.કેકે પાઠકે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને લખેલા પત્રમાં એ મુદ્દો પણ ઉઠાવ્યો છે કે, મોટાભાગના સરકારી શિક્ષકો પણ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં જઈને અભ્યાસ કરી રહ્યા છે અને કેટલીક કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ચલાવવામાં તેમની પણ પ્રત્યક્ષ કે પરોક્ષ ભૂમિકા છે. તેમણે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને બિહાર કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ એક્ટ ૨૦૨૦નું કડકપણે પાલન કરવાનો આદેશ આપ્યો છે. છોકરાઓ અને છોકરીઓએ શાળામાં ૭૫% હાજરી નોંધાવવી જોઈએ અન્યથા તેમને બિહાર બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવશે. કારણ કે બિહાર શાળા પરીક્ષા બોર્ડના પહેલાથી જ નિયમ છે.

## જમ્મુ-કાશ્મીરઃ બારામુલામાં લશ્કર-એ-તૈયબાના બે હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ



બારામૂલા, તા. ૦૨

આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાએ સ્વતંત્રતા દિવસ દરમિયાન કાશ્મીરમાં માહોલ બગાડવા અને લોકોમાં ભય પેદા કરવા માટે ટાર્ગેટ કિલિંગનું કાવતરું ઘડ્યું હતું. સુરક્ષા દળોએ બુધવારની વહેલી સવારે બારામુલ્લામાં બે હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરીને આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓની પૂછપરછ ચાલી રહી છે.આ મામલે સંબંધિત અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા બંને આતંકવાદીઓ સ્થાનિક છે અને તેઓને બારામુલ્લાના આઝાદગંજમાં સેના, પોલીસ અને સીઆરપીએફના સંયુક્ત નાકાદળ દ્વારા પકડવામાં આવ્યા છે. ઓલ્ડ ટાઉનમાં લશ્કર-એ-તૈયબાના બે નવા આતંકવાદીઓ નજરે પડવાની જિલ્લા પોલીસને મળેલી માહિતીના આધારે આ નાકા લગાવવામાં આવ્યો હતો. નાકા પાર્ટીએ આજે ??વહેલી સવારે બે યુવાનોને શંકાસ્પદ રીતે ફરતા જોયા હતા. નાકા પર તૈનાત જવાનોએ બંને યુવકો પર ઝીણવટભરી નજર રાખી અને તેમને આગળ આવવા દીધા પરંતુ બંને યુવકોએ નાકા જોઈને તરત જ પાછળ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.નાકા પર તૈનાત જવાન પહેલાથી તૈયાર બેઠા હતા. તેમણે બંનેનો પીછો કર્યો અને બંનેને બચવાની તક આપ્યા વગર પકડી લીધા. બંનેની ઘટના સ્થળ પર જ તલાશી લેવામાં આવી. આ દરમિયાન તેમની પાસેથી એક પિસ્તોલ, એક મેગેઝિન, ચાર કારતૂસ, એક ગ્રેનેડ અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. બંને આતંકવાદીઓની ધરપકડ કરીને બારામૂલા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. જ્યાં તેમની ઓળખ ફૈસલ મઝીદ ગનઈ નિવાસી બંગલા બાગ બારામૂલા અને નૂર ઉલ કામરાન ગનઈ નિવાસી બાગ એ ઈસ્લામ ઓલ્ડ ટાઉનના રૂપમાં થઈ છે. પ્રારંભિક પૂછપરછમાં બંનેએ જણાવ્યું કે, તેઓ થોડા સમય પહેલા આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબામાં સક્રિય થયા હતા. તેઓને તેના હેન્ડલર દ્વારા ઓલ્ડ ટાઉનના ચોક્કસ સ્થળેથી હથિયાર ઉપાડવાનું કહેવામાં આવ્યું હતું.

## સુરતમાં દોઢ વર્ષની બાળકીનું અપહરણ કરીને દુષ્કર્મ આચરી હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા

સુરતઃ માર્ચ-૨૦૨૩માં સુરતના ચોર્યાસી તાલુકાના કપ્લેથા ગામની માત્ર દોઢેક વર્ષની બાળકીને બદકામના ઈરાદે અપહરણ કરી દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચરીને હત્યા કરનાર ૨૩ વર્ષીય આરોપી ઈસ્માઈલને આજે પોક્સો કેસોની ખાસ અદાલતના એડીશ્નલ સેશન્સ જજ શકુંતલાબેન એન.સોલંકીએ એટ્રોસીટી સિવાયના તમામ ગુનામાં દોષી ઠેરવી પૈન્ડીગ રાખેલો ચૂકાદો આજે જાહેર કર્યો હતો. સરકારપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ રેરેસ્ટ ઓફ રેર શ્રેણીનો ગણીને દોષિત ઈસ્માઈલ હજાતને ફાસીની સજા, ૧ હજાર દંડ તથા પીડીતાના પરિવારને ૧૦ લાખનુ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.મૂળ નવસારીના જિલ્લાના ચીખલી તાલુકાના આલીપુરના વતની અને છુટક મજુરી કરી માતા પિતા સાથે ભાડાના મકાનમાં રહેતા ૨૩ વર્ષીય આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાત(રે.સરદાર ફળીયું,કપ્લેથા તા.ચોર્યાસી)ને ફરિયાદી મહીલાના પતિ સાથે મિત્રતાના સંબંધ હોઈ તેના ઘરે આવવા જવા તથા દોઢ વર્ષની માસુમ બાળકીને રમાડવા બહાર લઈ જવા સુધીના સંબંધ હતા.આરોપી ઈસ્માઈલ હજાત ગઈ તા.૨૭-૨-૨૩ના રોજ ફરિયાદીના ઘરે જતાં તેની એક વર્ષ નવ મહીના તથા ૧૭ દિવસની વયની દીકરી રડતી હતી. તેથી માસુમ બાળકીને વેફર અપાવવાના નામે બદકામ કરવાના ઈરાદે કપ્લેથા ગામના તળાવ નજીક એક અવાવરુ મકાનના વાડામાં લઈ જઈને બાળકીની નાભિના ભાગે બચકાં ભરી ઈજા કરીન દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય આચર્યા બાદ હત્યા કરીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

## ૧૦૦ વર્ષનો સૌથી મોટો નિર્ણય : અમદાવાદમાં ભદ્રકાળી માતાજીના મંદિરે કોઈપણ વ્યક્તિ ધજા ચઢાવી શકશે



અમદાવાદઃ શહેરમાં નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે ધજા ચઢાવવાને લઈને સૌથી મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ભક્તો માતાજીના મંદિરે ધજા ચઢાવી શકશે. ૧૦૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર આ નિર્ણય લેવામાં આવ્યો છે. મ્યુનિ. કોર્પોરેશનના સહયોગથી ભદ્રકાળી મંદિરમાં ધજા ચઢાવવા માટે પોલ તૈયાર કરવામાં આવ્યો છે. ગઈકાલે મંગળવારે પૂનમના દિવસે છસ્ઝ તરફથી પહેલી ધજા ચઢાવવામાં આવી હતી. સમગ્ર મામલે અમદાવાદના ભદ્રકાળી માતા મંદિર ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી શશીકાંત તિવારીએ મીડિયાને જણાવ્યું કે, માતાજીના તમામ મંદિરોમાં ભક્તો તેમની માનતાપૂરી કરવા માટે ધજા ચઢાવતા હોય છે. ભદ્રકાળી મંદિરમાં દર વર્ષે નવરાત્રિ અને દર મહિને પૂનમના દિવસે પણ ભક્તો ધજા ચઢાવવા આવતા હતા. જોકે લોકો માટે મંદિરમાં ધજા ચઢાવવાની વ્યવસ્થા ન હોવાથી તેઓ ધજાની પૂજા કર્યા બાદ મંદિરમાં માતાજી સમક્ષ મુકીને જતા રહેતા હતા. હવે છસ્ઝ દ્વારા મંદિર પ્રાંગણમાં ધજા ચઢાવવા માટે પોલ તૈયાર કરી આપવામાં આવ્યો છે. જેને લઈ હવેથી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ દિવસે માતાજીની ધજા ચઢાવી શકશે.મંદિરમાં ધજા ચઢાવવા માટે લોકોએ પુજારી પાસે રજિસ્ટ્રેશન કરાવી ૧૧૦૦ રૂપિયા આપવાના રહેશે. જેની જે તે વ્યક્તિને પહોંચ પણ આપવામાં આવશે. ત્યાર બાદ પૂજારી ધજાને માતાજી સમક્ષ મુકી પૂજા કરી ભક્તને ધજા ચઢાવવા માટે આપશે. આ ધજા ભક્તો પુજારીની મદદથી મંદિર પર ચઢાવી શકશે.ભદ્રકાળી માતાજીના મંદિરે જો કોઈ ભક્ત બહારથી ધ્વજા લઈને આવશે તો પણ તેમને ૧૧૦૦ તો આપવાના રહેશે. કોઈ વ્યક્તિ ધજા લઈને નહી આવે તો તેમને મંદિર તરફથી પૂજા વિધિ કર્યા બાદ ધજા અપાશે.

## બજરંગ દળ અને વિહિપે નૂહ હિંસાનો કર્યો વિરોધ, નોઈડામાં રેલી યોજી કર્યો સૂત્રોચ્ચાર






નૂહમાં અને હરિયાણામાં હિંસા બાદ દેશના અલગ-અલગ ભાગોમાં દેખાવો થઈ રહ્યા છે અને અન્ય પક્ષો તરફથી સતત પ્રતિક્રિયાઓ આવી રહી છે આ વચ્ચે નોઈડામાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદે નૂહમાં થયેલી હિંસાનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

નૂહ અને હરિયાણામાં ફાટી નીકળેલી સાંપ્રદાયિક હિંસાની આગ હજુ શાંત થઈ નથી અને આ હવે દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદ સુધી પણ પહોંચી શકે છે ત્યારે આ હિંસા વિરુદ્ધ બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદએ દિલ્હી-દ્મઝઈમાં ઘણી જગ્યાએ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું છે. સ્થિતિને જોતા તમામ સ્થળોએ પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે અને સુરક્ષા વધારી દેવામાં આવી છે. બોર્ડર પર બેરીકેટ લગાવીને વાહનોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે દિલ્હીની સુરક્ષા અને સાંપ્રદાયિક સૌહાર્દને નુકસાન પહોંચાડવાના કોઈપણ પ્રયાસ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.નોઈડાના સેક્ટર ૨૫માં સ્ટેડિયમ નજીકથી શરૂ થયેલો વિરોધ ડીએમ ઓફિસ સેક્ટર ૨૭ સુધી પહોંચ્યો હતો. બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ નોઈડા સ્ટેડિયમથી ડીએમ કેમ્પ ઓફિસ સુધી રેલી કાઢી હતી, જેમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હતા. આ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનરેટ ગૌતમ બુદ્ધ નગર દ્વારા મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમિયાન ઘણી જગ્યાઓ પર થોડીવાર માટે વાહનવ્યવહાર થંભી ગયો હતો.

તંત્રી લેખ......

# છેલ્લા ૫ વર્ષમાં અર્ધ સૈનિક દળોના ૫૩,૩૩૬ જવાનોએ છોડી નોકરી

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં પૂછવામાં આવેલ એક સવાલના જવાબમાં કહ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે. કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે અર્ધલશ્કરી દળોની કામકાજની સ્થિતિ અંગે સવાલ પૂછ્યો હતો કે, શું તે સાચું છે કે છેલ્લા ૫ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૦ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી દીધી છે? આ સાથે અર્ધલશ્કરી દળો દ્વારા આત્મહત્યાની ઘટનાઓ વિશે પણ માહિતી માંગવામાં આવી હતી. તેના લેખિત જવાબમાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે અથવા નિવૃત્તિ લઈ લીધી છે.

દરેક વર્ષના આંકડા આપતા નિત્યાનંદ રાયે કહ્યું કે વર્ષ ૨૦૧૮માં અર્ધલશ્કરી દળોના ૯૨૨૮ જવાનોએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને ૧૭૧૨ નિવૃત્ત થયા. ૨૦૧૯માં ૮૯૦૮ જવાનોએ વીઆરએસ લીધું અને ૧૪૧૫ જવાનો નિવૃત્ત થયા. ૨૦૨૦ અને ૨૦૨૧માં અનુક્રમે ૬૮૯૧ અને ૧૦,૭૬૨ જવાનોએ વીઆરએસ લીધું. વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ સૈનિકોએ નોકરી છોડી દીધી. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, ૨૦૨૨માં ૧૧,૨૧૧ જવાનોએ વીઆરએસ લીધું અને ૧૧૬૯ જવાનો નિવૃત્તિ થયા. આ રીતે, છેલ્લા પાંચ વર્ષમાં, અર્ધલશ્કરી દળના કુલ ૪૭૦૦૦ જવાનોએ ફઈજી લીધું છે અને ૬૩૩૬ જવાનો નિવૃત્ત થયા છે.

સરકારે આપેલા જવાબ મુજબ છેલ્લા ૫ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૬૫૮ જવાનોએ આત્મહત્યા કરી છે. જેમાંથી ૨૦૧૮માં ૯૬ જવાનોએ આત્મહત્યા કરી હતી, જેમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ૩૬ જવાન, ૩૨ બીએસએફ, ૫ આઈટીબીપી, ૯ એસએસબી, ૯ સીઆઈએસએફ અને ૫ આસામ રાઈફલ્સના જવાનોનો સમાવેશ થાય છે. એ જ રીતે ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં અનુક્રમે ૧૨૯, ૧૪૨, ૧૫૫, ૧૩૬ જવાનોએ આત્મહત્યા કરી હતી. સરકારે માહિતી આપી હતી કે અર્ધલશ્કરી દળોના કાર્યકારી વાતાવરણ અને કલ્યાણને સુધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે.

# પુસ્તક પરિચય

## લઘુ નવલકથા : નદી અને કિનારો
## લેખક : ધરમાભાઇ શ્રીમાળી
## પ્રકાશક : જીરૈંડીહ - શોપીઝન
## પુસ્તકની કિમત: રૂ. ૨૬૮




અર્પણ: ભીખીબહેન શ્રીમાળીને (પત્ની)

કથાની શરૂઆતમાં કથા નાયક બાલારામ ના મેળામાં સમતા ન્યુઝ ચેનલ માટે મેળાનું ફિલ્માંકન કરવા આવ્યો છે જેમાં કોઈ આદિવાસી યુવતી ને જોતાં લતા જેવી જ આ યુવતી લાગે છે જ્યારે કોલેજના ટ્રેડિશનલ ડે વખતે લતા આદિવાસી યુવતી નો ડ્રેસ પહેરીને આવી હતી એની યાદથી કથા શરૂ થાય છે. ફ્લેશ બેક માં કથા આગળ વધે છે. પોતે એટલે કે કથા નાયક પરાગ પણ ટ્રેડિશનલ ડે વખતે આદિવાસી યુવાન નો ડ્રેસ પહેરીને આવે છે. અહીંથી પરાગ અને લતા વચ્ચે પ્રેમના અંકુર ફૂટ્યા છે. પરાગ ગામડાનો દલિત યુવાન છે. લતા શહેરમાં રહે છે. સવર્ણ યુવતી છે. કાસમ પરાગના ગામનો છે. એ પરાગનો મિત્ર છે. બંને સાથે કોલેજમાં અપડાઉન કરે છે. પરાગ, લતાના પાંગરતા પ્રેમ ને એ પરાગને જાતિ વિશે ચેતવે છે. પણ લતાને પરાગની જાતિની ખબર છે. એટલેકે લતા ને પરાગ માટે સાચો પ્રેમ છે. પણ એક બે વાર લતાના રહેઠાણ પર પરાગને લતા લઈ જાય છે અને લતાના પપ્પા ને આનો અંદાજ આવી જાય છે.

પરિણામે એમણે હૃદય રોગનો હુમલો થાય છે. બીજા એટેકમાં એમનું મૃત્યુ થાય છે. અને લતાનો પરિવાર એમના વતન રાજસ્થાન બાજુ વિશલપુર ચલ્યો જાય છે. લતાનું અચાનક કોલેજમાં આવવાનું બંધ થઈ જવું પરાગ માટે અનેક સવાલો ઉભા કરે છે. જાણવા મળે છે કે લતાના પપ્પા નું મોત થતાં પરિવાર રાજસ્થાન જતો રહે છે. પરાગને ચેન પડતું નથી. લતા નો કોઈ સંપર્ક થતો નથી. પણ આખરે કાસમ અને પરાગ રાજસ્થાન વીશલપુર જવા નીકળે છે. પણ ત્યાં કોઈ મળતું નથી. લતાની યાદમાં તડપતો પરાગ અને સગપણ માટે ઉતાવળ કરતી મા વચ્ચે હિજરાયા કરતો બેરોજગાર પરાગ ને સહાધ્યાયી ગુપ્તા મળે છે. જેના થકી નવનીત રાય ના સમતા ન્યુઝ ચેનલ અને અખબાર ના કાર્યાલયમાં એને કામ મળી રહે છે. આ બધું લેખક પરાગ ના મનોગત થી ફ્લેશ બેક માં નિરૂપે છે. વચ્ચે વચ્ચે બાલારામ પાસેની આશ્રમ શાળામાં પોતે ભણ્યો, રહ્યો એની યાદ આવ્યાં કરે છે. ચિત્રાસણી રેલવે સ્ટેશન ને લેખકે તાદશ કરી દીધું છે.

અચાનક જ કાર્યાલય માં કામ કરતા પરાગ પર લતા નો ફોન આવે છે. એને એના કુટુંબીઓ એ બળજબરી થી મુંબઈમાં બિઝનેસમેન જોડે લગ્ન કરાવી દીધા છે. લતા દુઃખી છે. એ પરાગને ચાહે છે. પણ પેલા બિઝનેસ મેન ની જાળ માંથી છટકવું અશક્ય છે.

આ બાજુ સુખે દુખે પડખે રહેતો કાસમ કોમી હુલ્લડ ને કારણે ગામ છોડી જાયછે. એ દુબઈ સ્થિર થાય છે. પરાગ એકલો પડી જાય છે. પણ કાર્યાલયના બોસ નવનીત રાય પરાગની કામગીરી થી ખૂબ જ ખુશ છે. એમને પરાગમાં પોતાનો મરી ગયેલો યુવાન પુત્ર પ્રજ્ઞેશ દેખાયા કરે છે. પરાગ પાલનપુર બાજુ ના દાંતીવાડા ડેમ ઓવર ફલો થયો એનું ફિલ્માંકન કરવા બોસની સૂચના થી લતા સાથે ફોન પર વાત અધૂરી મૂકીને નીકળી જાય છે. વળતાં લતાની યાદમાં બાઈક ચાલવામાં ગફલત થાય છે અને એક્સિડન્ટ થાય છે.પગ કપવવો પડે છે. એની સાથે બોસ નવનીત રાય દવાખાને રહે છે. એની સારવારની બધી જ વ્યવસ્થા કરે છે. રડતા પરાગ માં એમનો પુત્ર પ્રેમ જાગી ઊઠે છે. કોઈને સવાલ થાય કે આટલું સહજ રીતે કોઈ દલિત યુવાનને પુત્ર તરીકે સ્વીકારી શકે?

લેખકે કાસમ સાથે વાત કરતા પોતે અને પત્ની પ્રભાદેવીએ કેવી ક્ષણોમાં, દ્વિધામાં દિવસો અને રાતો સુધી વિચારીને પરાગનો સ્વીકાર કર્યો એની સરસ સ્પષ્ટતા કરી આપી છે. એટલે લેખક કહે છે તેમ આ અલગ અલગ જાતિના પાત્રો ની પ્રેમ કથા તો છે જ.પણ એને માટે વેઠવો પડતા સંઘર્ષ ની પણ કથા છે. તો એક હોશિયાર દલિત યુવાન ના પુત્ર તરીકે સ્વીકાર ના સંદેશ ની કથા છે નદી અને કિનારો.

નવનીત રાય સજ્જન અને પોતાની રીતે, પોતાને ગમે એ રીતે નિર્ણય લેવાવાળા પરિવર્તન શીલ વિચારધારા ના ઉમદા માણસ છે. એમના થકી જ બંને પ્રેમીઓ નું મિલન થાય છે જેમ નદી કિનારા ને મળે એમ.

એટલે જ પ્રસ્તવનાકર કહે છે પ્રેમ અખંડ છે. વ્યક્તિ અપૂર્ણ હોઈ શકે પણ પ્રેમ અખંડ છે. એટલે બે ખંડિત પ્રેમીઓના મિલન ની આ લઘુ નવલ એક માનવીય સંદેશ લઈને આવે છે. લેખકે બાલારામ, ચિત્રાસણી, પાલનપુર અને અરવલ્લી ની ટેકરીઓ ના પરિવેશ ને સરસ રીતે આલેખ્યો છે. લેખક ને વાર્તામાંથી આ લઘુ નવલ ના પ્રથમ પ્રયાસ ને આવકારતા આનંદ થાય જ.

ભારતી વાઘેલા

# આપણાં ત્યાં શિક્ષક અને શિક્ષણ નું સ્તર ક્યારે સુધરશે ?



આપણે ત્યાં બજેટમા ક્યારેય પણ શિક્ષણ વિભાગને પૂરતું બજેટ ફાળવવામા આવતું નથી અરે શાળા કોલેજોના ઠેકાણા નથી પણ કાયમી શિક્ષકોની ભરતી કરવામા આવતી નથી વિધા. સહાયકો કે બીજા નામોથી શિક્ષકોનું છડેચોક શોષણ કરવામાં આવે છે

આપણા ગુજરાતની જ વાત કરીએ તો હાલની ૨૦૨૩ ની જ વાત કરીએ તો પ્રાથમિક શાળામાં મંજુર થયેલી શિક્ષકોની ૨૦૩૧૩૬માંથી આજની તારીખમા ૧૯ ૯૬૩ જગ્યાઓ આપના ગુજરાતમા જ ખાલી છે આખા. દેશમાં સાડા સાત લાખની આસપાસ શિક્ષકોની ભરતી કરવાની હજુ બાકી છે જ્યાં શિક્ષકોની વધુ જગ્યાઓ ખાલી છે એમાં બિહાર અને ઉત્તર પ્રદેશ મોખરે છે.

ગુજરાતમા શિક્ષકોની ભરતીની પ્રકિયા ચાલતી હોય છે પરંતુ એક તકલીફ એ આવે છે સરકારી નોકરી મેળવવા પહેલા ગ્રામ્ય વિસ્તારમા શિક્ષકની નોકરી મેળવી લેવાય છે પછી શહેરમાં બદલી માંગી લેવામાં આવે છે એટલે શહેરોની સરખામણીમા ગામડાઓમા શિક્ષકોની વધુ ઘટ પડે છે

આમાં પાછી બીજી એક મહત્વની વાત એ છે કે હાલમાં સરકારી ચોપડે ૩૯૨૧૪૮ શિક્ષિત બેરોજગાર અને ૨૦૫૫૬ અર્ધશિક્ષિત બેકારો મળી ૪ ૧૨ ૯૮૫ બેરોજગારો નોંધાયા છે બે વરસમાં માત્ર ૧૭૭૭ બેરોજગારોને નોકરી આપી શકાઈ છે

બજેટની કમીને કારણે શિક્ષણના અધિકાર આડે તકલીફ આવી રહી છે સ્કૂલના શિક્ષણ માટે જરૂરી સંસાધનો કરતા ઓછા સંસાધનોને કારણે શિક્ષણની ગુણવતાને સીધી અસર થાય છે.

સ્કૂલના શિક્ષણમા મોટો સુધારો જરૂરી છે દેશમાં શિક્ષણના સ્તરને સુધારી લેવાના મામલે તમામ સરકારો શિક્ષણશાસ્ત્રીઓ સંમત છે પણ અમલમાં કોણ લાવે? ઈચ્છાશક્તિનો અભાવ છે.

શિક્ષણમાં જુદા જુદા મુદ્દાઓ પર આજ સુધી કોઈ ચર્ચા કરવામા આવી નથી શાળા સંચાલકો શિક્ષકો વાલીઓ શિક્ષણ શાસ્ત્રીઓ આચાર્યો આ અંગે ઊંડું ચિંતન મનન કરવા શ્રેણીબદ્ધ બેઠકો કરે સર્વસંમતિથી ક્યા ક્યા તકલીફો છે કઈ રીતે દુર કરી શકાય શિક્ષણનું સ્તર કઈ રીતે સુધારી શકાય એવા મુદ્દાઓ અલગ તારવી એની પર ચર્ચાવિચારણા કરી કોઈ ઠોસ નીતિ બનાવે કોઈ નક્કર આયોજન કરે પરિણામ સુધી કેવી રીતે અને ક્યારે પહોંચી શકાય એનો રોડમેપ બનાવે અમલમાં કાળજી રાખે તો કદાચ થોડો સુધારો શક્ય બને.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# છેલ્લા સાત વર્ષથી ડેપ્યુટેશન પર નિમણુંક સતત વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ રહેવા છતાં કેમ નિમણુંક

છેલ્લા સાત વર્ષથી ડેપ્યુટેશન પર નિમણુંક સતત વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ રહેવા છતાં કેમ નિમણુંક થઇ રહી છે, તે સતત જીટીયુના કર્મચારીઓ અને અભ્યાસકર્તાઓમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે.

રાજકીય પીઠબળ ધરાવતા વિરલ બોરીસાગર વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજના પ્રોફેસર તરીકે ચાલુ છે, અને છેલ્લા છ વર્ષથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી-જીટીયુમાં ડેપ્યુટીશન પર છે, અનેક છબરડાઓ થવા છતાં રાજકીય આશીર્વાદને કારણે તેઓ પદ પર સતત ચાલુ રહેવા ઉપરાંત હજુ વધુ વર્ષો રહે તેવા પેંતરા ગોઠવાયા છે, નિયમ મુજબ ચાર વર્ષ નો આ હોદ્દો છે તેની સામે છ વર્ષ હોદ્દો સંભાળ્યો છે અને વધુ બે વર્ષનું એક્સટેન્શન મળ્યું છે કોના આશીર્વાદ છે તેની સાથે તેઓ લેક્ચર છે તો તેમના કામનો લોડ કોણ સંભાળે છે અને વારંવાર નિમણૂંક થવા પાછળ કોણ છે તે જીટીયુ માં ચર્ચા છે

વિદ્યાર્થી હિત રક્ષા સમિતિના પ્રમુખ આંનદ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, જીટીયુ માં કરોડોનું સ્કેમ અને કર્મચારીઓની હેરાફેરી તેવા અહેવાલો જ છે, જીટીયુ એ ક્લાસ ૩ સહિત સાત વહીવટી કર્મચારીઓને પ્રોફેસર બનાવી દીધા છે .ઈન્ચાર્જ સીઓઈએ પરીક્ષામાં રૂપિયા ૨૦ કરોડનું કૌભાંડની પણ ફરિયાદ થઈ છે એટલું જ નહીં જીટીયુ દ્વારા યોજાયેલી પરીક્ષામાં ડિપ્લોમા આર્કિટેકટની પરીક્ષામાં બે વર્ષ જૂનું પેપર બેઠે બેઠું પૂછાયું હતું .આમ આટલા બધા છબરડાઓ છતાં સતત વિરલ બોરીસાગર ને હોદ્દો આપવામાં આવી રહ્યો છે, જીટીયુ માં ઘણા વર્ષોથી કાયમી પરીક્ષામાં નિયામક જ નથી અને આ જગ્યા પણ ભરી શકાતી નથી, ત્યારે ઇન્ચાર્જ પરીક્ષા નિયામક યુનિવર્સિટીના રાજ્યના લાખો વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ રહ્યા છે અને સતત છબરડા થઈ રહ્યા છે. ત્યારે જીટીયુમાં કાયમી પરીક્ષા નિયામક ની માંગ પણ ઉઠી છે.

# છેલ્લા ૩ વર્ષમાં ૧૩.૧૩ લાખથી વધુ મહિલાઓ-છોકરીઓ ગુમ, ડબલ એન્જીનમાં ટ્રબલ આવી રહી છે: દીકરીઓ ગુમ થાયએ સૌથી વધુ ચિંતાનો વિષય: શ્રી જેનીબેન ઠુંમર

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મહિલા સશક્તિકરણ સપ્તાહ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે રાજ્યમાં મહિલાઓની સ્થિતી અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેંકર, શ્રી પાર્થીવરાજસિંહ કઠવાડીયાએ સંયુક્ત પત્રકાર પરિષદને દ્વારા મહિલા સુરક્ષાની વાસ્તવિક સ્થિતી રજુ કરી હતી.ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે, 'બેટી બચાવો બેટી પઠાવો', સશક્તિકરણ, મહિલા સુરક્ષાની પોકળ રાજ્યનું તંત્ર પરિસ્થિતિને નિયંત્રણમાં લેવામાં સંપૂર્ણપણે નિષ્ફળ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેર કરેલ આંકડાઓ અનુસાર છેલ્લા ૩ વર્ષમાં ૧૩.૧૩ લાખથી વધુ મહિલાઓ-છોકરીઓ ગુમ, ડબલ એન્જીનમાં ટ્રબલ આવી રહી છે. દીકરીઓ ગુમ થાય એ સૌથી વધુ ચિંતાનો વિષય છે. દિકરી ગુમ થયાના માત્ર વિચારથી જ કંપારી છુટી જાય, પ્રવાસમાં જાય તો પણ મા-બાપને ચિંતા થતી હોય ત્યારે મોટી સંખ્યામાં દિકરીઓ ગુમ થાય ત્યારે તેવા પરિવારોની શું હાલત થતી હશે ? ગુજરાત રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરની ૪૧,૭૯૮ મહિલાઓ છેલ્લા પાંચ વર્ષમાં ગુમ થઈ છે. આવનારા દિવસોમાં ગુજરાતમાં ગુમ થતી મહિલાઓ અને મહિલા ઉપર થતા દુષ્કર્મના વિરોધમાં મહિલા કોંગ્રેસ ગુજરાત રાજ્યમાં ઉગ્રવિરોધ પ્રદર્શન કરશે.

મહિલા અને છોકરીઓ ગુમ થયાના આંકડાઓમાં વિસંગતતા અને આંકડાઓ છુપાવવાની ભાજપ સરકારની નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે કોરોના વેકસીનનાં આંકડા, કોરોના મોતના આંકડા સહિતના મહિલા ગુમ થયાના આંકડાઓનાં વાસ્તવિક સ્થિતિ ભાજપ સરકાર છુપાવી રહી છે.

# સ્વરાજ મારો જનમસિદ્ધ અધિકાર છે તો માહિતી અધિકાર નથી ?

માહિતી કમિશ્નર સાહેબો કેટલાં કેસની સુનાવણી અને કેટલાં કેસ દફતરે કરે છે? કાયદાની જોગવાઇ મુજબ ગુનેગારોને દંડ કરે છે?

ગામમાં ઘર નથી સીમમાં નથી ખેતર પરંતુ જો ખીસામાં હોઈ આધારકાર્ડ, ભારતનો નાગરીક રોડ પર ભલે રખડતો હોઈ કેમેરા ગોઠવાઈ ગયા છે અને એમની અવરજવર કેદ થઈ જાય છે.

જો કોઈ ગુનેગાર હોઈ તો ઝડપાઈ જાય છે. રોડ પર રહેતો નાનેરો ખુશ ખુશ થઈ જાય છે.

ગુજરાત રાજ્ય માહિતી આયોગને અને એમાં ન્યાય તોળતા કમિશ્નર પૈકી ઘણાં કેમેરા, વિડિયો ગ્રાફીનો છાનો છૂપો વિરોધ કેમ કરે છે ?

રોડ રસ્તા ઉપરના સીસીટીવી કેમેરા, વિવિધ અદાલતી કાર્યવાહી અન્વયે અદાલત ન્યાયમંદિરના સીસીટીવી કેમેરા,

પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરા,

સરકારી અર્ધ સરકારી જાહેર સેવા સત્તા મંડળમાં સીસીટીવી કેમેરા છે અને આયોગ કમિશનર સાહેબો એ વિડિયો ફૂટેજ આપવાના હુકમો કરે છે તો પછી પોતાની કાર્યવાહી , ચુકાદા સમયની ચર્ચા, દલીલો ઓન લાઈન જાહેર કરે તો શું વાંધો? ચુકાદા જેવા હોય એવા. શિરોમાન્ય.

પરંતુ ચુકાદા પર શંકા જાય તો ન્યાય અને લોકશાહીની ગરિમા જળવાય ખરી ?

આશા રાખીએ, પોતાની પોતાના પદની ઈજ્જત વધારવા આગળ વધે, ગુજરાત રાજ્ય માહિતી આયોગને અપિલ કરીએ પોતાની કાર્યવાહી , સુનાવણી જનતા જાહેર જનતા નાગરીકને જાણવાનો અધિકાર પ્રતિબધ્ધ, અનુબધ્ધ કરે.

## પારદર્શિતા , જવાબદેહીતા, સમયબદ્ધતા અને આરટીઆઇ એકટ નું શબ્દ:સ પાલન જરુરી નથી.

ooooooo

## હિસાબ માંડી જુઓ એક અપિલ નિકાલ પાછળ અને આયોગ નિભાવ ખર્ચ પાછળ જનતાનાં કેટલાં રૂપિયા હા ભાઈ હા પરસેવાના રૂપિયા ખર્ચાય છે.

આપણાં દેશમાં સંવિધાનિક સૌથી મોટા અને પવિત્ર મંદિર સંસદભવનમાં શું ચાલે છે તે ભારતની જનતાને ઘેર ઘેર બેઠા બેઠા જોવા મળે છે તો પછી માહિતી આયોગ ગુજરાત એવી શરૂઆત ક્યારે કરશે ?

આપણી પવિત્ર સંસદ વિધિવત વિધેયક લાવે કે અધ્યાદેશ.

કાયદો બનાવવાની રીત અને ફરજ,અધિકાર આપણાં લોક પ્રતિનિધિઓની. અમલમાં છે કે નહીં એની કાળજી રાખનારા જ કાયદા વિરુદ્ધ વર્તન, મનસ્વી વલણથી કે કોઈ પૂર્વગ્રહથી કામ કરે કે એમનાં હોદ્દાનો દુર ઉપયોગ કરે તો ભારતમાતાના ભાલે તિલક લજવાઈ છે.

લોકમાન્ય તિલકે જોરદાર અસરદાર રીતે જે આઝાદ ભારતનું ભવિષ્ય ભાખેલું અને કહેલું કે "" સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે "

બીજી મહત્વની વાત કમિશ્નર સાહેબો પ્રતિ દિન કેટલાં કેસ દફતરે કરે છે? કેટલાં કેસમાં ૩૦ દિવસમાં માહિતી કે જવાબ ના આપનાર માહિતી માહિતી અધિકારીઓ ઉપર પ્રતિ દિન ૨૫૦ રૂપિયા લેખે દંડ વસુલ કર્યો.

કોઈ એક વ્યક્તિ આરટીઆઇ એકટ હેઠળ અરજી કરી માહિતી માગે છે ત્રીસ દિવસમાં માહિતી કે જવાબ નથી મળ્યાં અને આવા કેસમાં આયોગના દરબારમાં બે વર્ષ પછી સુનાવણી હાથ ધરવામાં આવે.

કાયદો તોડનારને બે ચાર પાંચ કે દસ કે પચ્ચીસ હજાર નો દંડ થાય.

માહિતીના અરજદારને ન્યાય મળ્યો કહેવાય ? જો આયોગ માહિતી વિના મૂલ્યે માહિતી આપવાનો હુકમ કરે તો પણ માહિતી ના મળે તો? ન્યાય મળ્યો કહેવાય ?

માહિતી અધિકારીઓ માહિતીનો ચાર્જ વસુલ કરીને માહિતી આપતાં નથી તદ ઉપરાંત પાકી રસીદ પણ આપતાં નથી. એની જાણ આયોગને કરવામાં આવે છે તો પણ ન્યાય, માહિતી કે પૈસા રૂપિયા પાછા નથી મળવાની ફરીયાદ સાંભળવા મળે છે.

શું પ્રોએકિટવ ડી સ્કલોઝર ઈન્ફોર્મેશન કેમ સત્તા મંડળના અધિકારીઓ અપડેટ કરતા નથી ? અને રાજ્ય માહિતી આયોગ કમિશનર સાહેબો એમનાં જ ચુકાદાનું પાલન ના કરનારા અધિકારી એવમ જનસેવકો સામે કાયદાની ગરીમા, માન અને ધાક જળવાઈ એવી કાર્યવાહી કરવાથી દુર રહે છે?

મને એક શિક્ષક તરીકે કોઈ ખોટો અનુભવ નથી થયો પરંતુ ઘણાં ચુકાદા વાંચું છું અને અનેક ફોન આવે છે ત્યારે વિચાર આવે છે કે આઝાદીના લડવૈયા, સ્વાતંત્ર્ય સૈનિકો,શહિદોની શહીદી એળે તો નહીં જાય ને.

આ કાયદો અમલમાં આવ્યો ત્યારબાદ અનેક લોકો પર જીવલેણ હુમલા અને હત્યા પણ થઈ છે. એમનો આત્મા કકળતો નહીં હોય ?

આરટીઆઈ એકટ, એના અમલ પાછળ મારી ગુજરાત સરકાર અને સાત કરોડ જનતા કરોડો રૂપિયા ખર્ચ કરે છે. એ વ્યર્થ નહીં જાય ને?

આજે નાનામાં નાનો માણસ અદાલત, આયોગ ઉપર અપાર શ્રધ્ધા,વિશ્વાસ,ભરોસો ધરાવે છે. કોઈના પણ, કોઈ પણ પ્રકારના, દાબદબાણથી પર, નીડર, નિષ્પક્ષ ન્યાયાધીશ સાહેબોને ભગવાન સમાન માન સન્માન આપે છે.

આશા રાખીએ કે સ્વરાજ સાચ્ચે જ વિશ્વમાં સૌથી વિશાળ સ્વરાજ,લોકરાજ બની રહે. ન્યાયના રક્ષકો ભારતમાતાના લલાટનું તિલક સૂર્ય બની અંધકાર, ભ્રષ્ટાચાર, ગેરમાનવીય, ગેરકાનુની અને ગેરસંવિધાનિક કૃત્યનો સંહાર કરે.

ooooooo

દિપક પટેલ શિક્ષક. આરટીઆઈ કાર્યકર્તા.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG(164)2023 વિષય:અધિક શ્રાવણ માસ

ર્દ્રિ જીજી ર્દ:૧૫૩
વિષય: "અધિક શ્રાવણ માસ" શીર્ષક:"ભીનું હૈયું ભીનો માસ"
પ્રકાર:ગધ્ય શબ્દો: ૧૩૬
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ

આમ તો કહેવાય છે કે દુકાળ માં અધિક માસ પણ આ તો સુકાળ માં અધિક માસ પામ્યાં. ભીની માટી ની સોડમ એક નહીં બે માસ માણવાં મળશે.ખાંગા થઈ ને તૂટી પડેલ મેઘ ને કારણે નદીઓ માં પાણી રેલમછેલ,મન મૂકી ને નાચે મોર ને ઢેલ, એકબીજાં ને ભીનાં તન-મન પલાળવાં કોણ કરશે પહેલ,લાગશે જાણે સાત સમંદર ની સહેલ.પોળ માં કરતાં'તાં છબછબીયાં યાદ આવી ગયાં.ડોલ ભરી ને પાણી થી એકબીજાં ને નવડાવતાં'તાં તે યાદ આવી ગયું.ઘર માં એક નહીં પણ બે માસ ઉપવાસ ને કારણે ફરાળી અગણિત વાનગી નાં થાળ થી જીભ ચટકાં ભરે વારંવાર."અધિક શ્રાવણ માસ" થી એક જ વાત નું દુઃખ છે કે મારી વ્હાલી દિપાવલી એક માસ મોડી ઉજવાશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*N.O.G. S. S. No.0102*.
★વિષય:-અધિક શ્રાવણ માસ★.
★શીર્ષક:-શ્રાવણ માસનો મહિમા. દ્વારકામાં★.
★શબ્દો:-૩૨૨★.
★લેખક નું નામ:- રતીલાલ વાયડા★

★રચના★:-

★દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે અને તેને પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે★. ★અખિલ બ્રહ્માંડ નાયક ભગવાન પુરુષોત્તમ આ મહિનાના સ્વામી છે. આખા મહિના સુધી લોકો તેની પૂજા અને અર્ચના કરે છે★.

આમ તો ગામે ગામ આ અધિક મહિનાનું વિશેષ મહત્વ છે. હું આપને ભગવાન શ્રી દ્વારકાધીશ ના દ્વારકાના પુરુષોત્તમ માસની માહિતી આપી રહ્યો છું.

★પુણ્ય પવિત્ર પુરુષોત્તમ માસમાં દ્વારકામાં ભગવાન શ્રી પુરુષોત્તમજીની લોકો શ્રદ્ધાપૂર્વક પૂજા કરે છે . તેઓ તેમને દાન દક્ષિણા વગેરે ધરાવે છે અને તેની કૃપા મેળવે છે★.

આ મહિનામાં લોકો વ્રત ઉપવાસ પોતાની રીતે જે યોગ્ય હોય તે કરતા હોય છે. ખાસ કરીને દાન પુણ્ય કરે છે અને બ્રહ્મ ભોજન પણ કરાવેછે. આ મહિનામાં જેટલું દાન પુણ્ય મન, કર્મ ,અને વચનથી થઈ શકે તેટલું કરવાથી વિશેષ અધિક ફળ પ્રાપ્ત થાય છે ,અને ભગવાન પુરુષોત્તમની તેઓની ઉપર કૃપા બની રહે છે, તેવી શ્રદ્ધાથી લોકો તમામ ધાર્મિક કાર્યો કરતા હોતા હોય છે.

લોકો સવારમાં ગોમતી નદીમાં સ્નાન કરે છે, ત્યાર પછી ભગવાન શ્રી દ્વારકાધીશ તેમજ પુરુષોત્તમ ભગવાનની પૂજા અર્ચના કરે છે. મંદિરમાં ભીડ હોય છે. અધિક મહિનો હોવાને કારણે ઘણા બધા યાત્રિકો આ મહિનામાં પુણ્ય પ્રાપ્ત કરવા માટે ભગવાનના દર્શને આવે છે.

આ મહિના દરમિયાન ભગવાન પુરુષોત્તમના મંદિરમાં જુદા જુદા ઉત્સવો ઉજવવામાં આવે છે. વસંત પંચમી, જન્માષ્ટમી, દિવાળી અને જુદી જુદી તિથિ પ્રમાણે જુદા જુદા ઉત્સવો હોતા હોય છે. ભગવાનને શણગારવામાં આવે છે. હિંડોળામાં બેસાડવામાં આવે છે તેની સામે અન્નકૂટ ધરવામાં આવે છે . ભોગ, પૂજા, આરતી વિગેરે થાય છે અને લોકો આનંદપૂર્વ ભગવાનના દર્શન કરે છે.

ભગવાન દ્વારકાધીશના શિખર ઉપર રોજની ૬ જેટલી ધજાઓ ચઢાવવામાં આવે છે. આધ્વજાને ગામમાંથી મંદિર સુધી વાજતે ગાજતે અને ભજન ગાતા અને ફટાકડા ફોડતા લોકો લઈ જાય છે. ત્યાર બાદ ભગવાનના ચરણોમાં ધ્વજાને મૂકી અને શિખર ઉપર આરોહણ કરવામાં આવે છે. આ પણ એક રમણીય દ્રશ્ય છે.

અધિક માસમાં આખા દ્વારકાને શણગારવામાં આવે છે. બજારમાં તેમજ રસ્તાઓ પર ડેકોરેશન કરવામાં આવે છે અને હજારો માણસો રોજ શ્રદ્ધા પૂર્વક ભગવાનના દર્શનનો લાભ લે અને આ મહિનામાં અધિક પુણ્ય પ્રાપ્ત કરે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 151
વિષય - અધિક શ્રાવણ માસ.
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - અધિક શ્રાવણ માસ.
★છંદ : લગાલગાગા, લગાલગાગા, લગાલગાગા.★

ધરમ અને ધ્યાનનો અધિક માસ ભક્તિનો છે,
ઉપાસકો આદ્યશક્તિનો માસ ભક્તિનો છે.

ઘણા વરસ બાદ માસ શ્રાવણ અધિક થયો છે,
ખરે જ દુર્લભ યોગનો માસ ભક્તિનો છે.

ઈશે બક્ષેલી બક્ષિસને વેડફી ન નાખો,
હૃદય પટલ ખોલ શીવનો માસ ભક્તિનો છે.

તમામ મોહાંધતા ત્યજી ભાવથી ભજી લ્યો,
ધરમ-કરમ દાન-પૂણ્યનો માસ ભક્તિનો છે.

નિર્લેપ થઈ ભાવથી સહૃદયી પ્રણામ કરજો,
ત્રિનેત્રધારી મહેશનો માસ ભક્તિનો છે.

અનિલ દવે. ("અનુ")

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૫૮ અને ચાંદીમાં રૂ.૭૬૩નો ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.૪૪ની વૃદ્ધિ

નેચરલ ગેસમાં નોમિનલ ઘટાડો: કોટન-ખાંડી વાયદામાં સુધારો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૭૮૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૨૪૮ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૯ કરોડનાં કામકાજ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૪,૩૧૯ સોદાઓમાં કુલ રૂ.૨૨,૦૫૫.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૮૭.૪૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૫૨૪૮.૯૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૮,૮૦૮ સોદાઓમાં રૂ.૪,૬૨૦.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૧૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૩૨ અને નીચામાં રૂ.૫૯,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૮ વધી રૂ.૫૯,૨૯૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૭૬ વધી રૂ.૪૮,૧૬૬ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૯૨૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૦ વધી રૂ.૫૯,૨૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૦૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૮૧૯ અને નીચામાં રૂ.૭૪,૦૯૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૬૩ વધી રૂ.૭૪,૭૦૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૦૦ વધી રૂ.૭૪,૫૯૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૬૮૨ વધી રૂ.૭૪,૫૬૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૯૭૦ સોદાઓમાં રૂ.૧,૦૮૧.૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૪૩ના ભાવે ખૂલી, રૂ.૨.૪૫ ઘટી રૂ.૭૪૨ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ ઘટી રૂ.૨૦૧.૨૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૨૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ ઘટી રૂ.૨૦૧.૩૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૮૪.૨૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૨૫.૭૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૮૧૦ સોદાઓમાં રૂ.૧,૦૭૪.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૮૪ અને નીચામાં રૂ.૬,૭૩૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪ વધી રૂ.૬,૭૭૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪૩ વધી રૂ.૬,૭૬૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૨ના ભાવે ખૂલી, રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૧૧.૨૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૧.૧ ઘટી ૨૧૧.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૨૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૧૦૦ અને નીચામાં રૂ.૫૮,૭૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ વધી રૂ.૫૮,૮૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૮૭૩.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૬૫.૮૧ કરોડનાં ૪,૧૩૪.૦૫૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૫૪.૯૭ કરોડનાં ૨૮૯.૧૪૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૮૨.૩૫ કરોડનાં ૮,૬૧,૪૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૯૨.૧૯ કરોડનાં ૨,૩૦,૯૪,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૮.૦૩ કરોડનાં ૬,૩૫૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૪.૪૯ કરોડનાં ૧,૩૩૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૦૩.૯૭ કરોડનાં ૮,૧૪૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૨૫.૪૧ કરોડનાં ૧૪,૪૫૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૨૬ કરોડનાં ૩૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮.૦૧ કરોડનાં ૯૧.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૫૧.૮૭૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૦૧.૬૬૭ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૮૭૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૮૯૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૭૨૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૭,૯૦૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૪,૯૮,૮૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૨૩,૮૫,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૨૪૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૯૩.૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૮.૮૧ કરોડનાં ૨૩૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૫૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૬,૦૩૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૨૯ અને નીચામાં ૧૬,૦૩૨ બોલાઈ, ૯૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦૩ પોઈન્ટ વધી ૧૬,૧૧૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૫૨૪૮.૯૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૮૯.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૮૦.૭૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૪૫૯.૯૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૧૧.૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૦૭.૩૩ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૮.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૭.૬૦ અને નીચામાં રૂ.૧૪૫.૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦.૧૦ વધી રૂ.૧૫૮.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૯ અને નીચામાં રૂ.૮ રહી, અંતે રૂ.૦.૪૫ ઘટી રૂ.૮.૨૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦૪ અને નીચામાં રૂ.૫૯૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૮.૫૦ વધી રૂ.૬૯૪ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૯ અને નીચામાં રૂ.૩૧૧ રહી, અંતે રૂ.૯૫ વધી રૂ.૪૦૧ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૯૮ના ભાવે ખૂલી, રૂ.૨૯૯ વધી રૂ.૧,૪૨૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૭૯ના ભાવે ખૂલી, રૂ.૩૦૬.૫૦ વધી રૂ.૧,૨૯૮ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૩૪ ઘટી રૂ.૧૩.૧૯ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૬.૮૦ અને નીચામાં રૂ.૧૪૩.૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮.૮૦ ઘટી રૂ.૧૫૦.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૩૦ અને નીચામાં રૂ.૯.૬૫ રહી, અંતે રૂ.૦.૫૫ વધી રૂ.૧૧.૦૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૬૫ અને નીચામાં રૂ.૨૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૯.૫૦ ઘટી રૂ.૨૦૬ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૨ અને નીચામાં રૂ.૨૮૦ રહી, અંતે રૂ.૭૯.૫૦ ઘટી રૂ.૨૯૯ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૫૪.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૧૪.૫૦ ઘટી રૂ.૧,૨૪૬ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૦૫ના ભાવે ખૂલી, રૂ.૩૦૯ ઘટી રૂ.૧,૧૬૯ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૮૨ વધી રૂ.૧૦.૭૭ થયો હતો.

# દરોડા દરોડા રમીએ

તમે હાલની પરિસ્થિતિથી કંટાળ્યો છો? કંઈક હટકે કરવા કે જીવવા ઇચ્છો છો? મોનેટોનસ જીવનથી ફેડઅપ થયા છો? જબરું બોરિયત ફીલ કરો છો? કંઈક થ્રીલ ફિલ કરવું છે? જીવન પ્રવૃતિમય કરવું છે?

તમારી મુશ્કેલીઓ આફતને અવસરમાં પલટાવવી છે? તો કમર કસીને તૈયાર થઈ જાવ. દોસ્તો તુમ્હારા પડોશવાલા કે પડોશવાલી કા દિલ થાન કે બેઠો!! ( બોસ માહોલ જામી ગયોને? આમ, માહોલ જમાવો અટલે અડધો જંગ જીતી ગયા. શું કહો છો? જવાબ- તમે બધું કીધું છે મને ક્યાં તક મળી છે)

તમે કદી જે રમત રમ્યા નથી તે રમત રમીએ. ચાલો દરોડા દરોડા રમીએ!!

આ રમત રમવા માટે ચમચમાતી ત્રણ ચાર કાર, બે ત્રણ સૂટ પહેરેલા કોથળા, અંક બે ફ્રેન્ચ કટ દાઢીવાળા, એક બે ચાલવાના પ્રભાવશાળી અધિકારી. વેઈટ પ્રભાવશાળી અને અધિકારી. યહ બાત હજમ નહી હુઇ. પ્રભાવશાળી હોય તે અધિકારી ન હોય અને વાઇસે વરસા અધિકારી હોય તે પ્રભાવશાળી ન હોય. જે આર્ટિકલ એકત્ર કરીએ એમાં સાઉથ ઈન્ડિયન એસેન્ટવાળા અધિકારી જોઈશે. થોડાંક બબુચક ક્લાર્ક તેમજ પ્યુન, ડ્રાઈવર ટાઈપ પણ જોઇશે. નાની મોટી સાઇઝના બિલોરી કાચ ,સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી,છીણી, કરન્સી નોટ ગણવાના મશીન પણ લોકેશન પર હાજરાહજૂર જોઇશે . હિસાબની માથાફોડ કરવા સીએ અને લટકણિયા જોઈશે. ભીડને કંટ્રોલ કરવા પોલીસ પેરા મિલિટરી ફોર્સ, ફોટોગ્રાફી માટે રીસોર્સ પર્સન જોઈશે.આમ તો હાથકડી , દોરડું ફોટોગ્રાફર પણ જોઈશે.

મનમાં નક્કી કરો કે દરોડો પાડવો છે એટલે કામની ઇતિશ્રી થશે નહીં . દરોડાનું સ્વરૂપ અને પ્રકાર નક્કી કરવા પડશે. એ પછી દરોડા પાડવાના સત્તાધીશ બનવું પડે. ન સમજાયું ?? ઉદાહરણ તરીકે કવિની બિનહિસાબી બે નંબરની કવિતા મોટાભાગે તથાકથિત પ્રેયસી કે એકતરફી પ્રેયસીને ઉદેશીને લખેલ હોય!! આવા લબડું ગબડું કવિને ત્યાં દરોડો પાડવા વિવેચકને મોકલવા કરતાં કવિના માથાભારે ને માથાફરેલા શ્રીમતી દરોડો પાડશે તો દરોડો સફળ થશે.

શ્વાસના જાણીતો સ્ત્રોત કરતાં અપ્રમાણસર ઉચ્છવાસ ધરાવનારને ત્યાં એસીબીની રેડને બદલે રદ્દીવાળો કે પસ્તીવાળો રેડ કરે તો રેડ સફળ જ રહેશે.

કોને ત્યાં અને કયા કારણસર દરોડો પાડવો તેની ગુપ્ત માહિતી ખુલ્લી રીતે તે વિસ્તારના પાનવાળા, ચાવાળા કે સિક્સુરીટી કે ડ્રાઈવરને કળી ચુનો ફોડીએ તેમ ફોડવાથી મળશે.

કયા અને ક્યારે દરોડો પાડવો તે પણ અગત્ય ધરાવે છે. જેમ કે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરીકે મીઠાઈવાળાને ત્યાં વહેલી સવારે દરોડા પાડવાના બદલે સવારે કે સાંજે દરોડો પાટવાથી નાસ્તાનો પ્રોબ્લેમ આપોઆપ સોલ્વ થઇ જશે અને ટ્રાન્જેકશનની ખબર પડશે તે લટકામાં.

અખબાર સમુહ પર દરોડો પાડવાથી આ બૈલ મુજે માર જેવી ફજીહત થશે.

ઈન્કમ ટેકસ કે એન્ફોર્સમેન્ટ અધિકારી તરીકે દરોડો પાડો તો તુમાખીની માત્રા ફૂલ રાખવી અને ભૂલમાં પણ ગુજરાતી ભાષા આવડતી હોય તે પણ ઇંગ્લિશમાં જ ફફડાવવું નહી તો કોઈ તમને યેડા સમજશે. આ દરોડામાં ત્રેંત્રીલ ટકા સ્ટાફ સાઉથ ઈન્ડ્યન રાખવો .જે તામિલ કે મલયાલમ લહેકા અને લહેજામાં હિન્દી-ઇંગ્લિશમાં બોલશે અટલે દરોડાની ગ્રેવિટી આપોઆપ આવશે.

ચાલો હવે ખરેખર દરોડો પાડીએ. તમને થશે કે કયાં સ્થળે,કોને ત્યાં,કેટલા વાગ્યે દરોડો પાડવાનો છે? ખલાસ તમે સીતાનું હરણ થયા પછી હરણની સીતા થઈ કે નહી જેવો ચાઇલ્ડીશ સવાલ કરો છો? અરે ભાઇ ખાનગી કામગીરી છે. તેના વોટસએપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર સ્ટેટસ અપડેટ ન કરવાના હોય!! ચુપચાપ ઓફ્સના દરોડાના ડબ્બા ગાડીમાં બેસી જાવ. ફોન લેપટોપ જમા કરાવી દો. ફિલ્મોમાં કિડનેપર જેનું કિડનેપિંગ કર્યું હોય તેની આંખે કાળા કલરની પટી બાંધે છે તેમ પટી બાંધી નથી.

ચલો ધડાધડ ઉતરી જાઓ અને ગુરૂ હો જા શરૂ!! માથે ફેલ્ટ અને લોંગ ઓવરકોટ અને હોલબુચ પહેરેલા મહાન જાસૂસ કરમચંદ કે વ્યોમકેશ બક્ષીની માફક જાડા મોટા બિલોરી કાચ લઈ છાનબીન શરૂ કરો. બેત્રણ જઈને લોકપ તિજોરીની ચાવી માંગો. ન મળે તો ડીજીટલ પાસવર્ડ વાળા લોકર છીણી હથોડાથી તોડી લોકરની તલાશી લો. આ શું? લોકરમાંથી દોઢસો વરસ જુના છાપા નીકળ્યા? ઓહ નો!! નક્કી કંઈ કોડવર્ડ માટે છાપા રાખ્યા લાગે છે!!

બે ચાર જણ દિવાલ પરના કરોળિયાના જાળા ચકાસો. તેમાં સોના ચાંદી છુપાવ્યા હશે?

અરે પેલા મુનીમને બધા માટે ગરમ નાસ્તો -ચાની વ્યવસ્થા કરવાનું કહી દો. એ તો એના જ ખર્ચે હોયને કમિશનરના ગગાના લગ્ન થોડા લીધા છે. પેલા પીઆરઓને કહી દો કે પ્રેસ રીલીઝ કરી દે કે દરોડામાં સંદિગ્ધ અસંદિગ્ધ વાંધાજનક પુરાવા હિસાબી ચોપડા સાહિત્ય મળેલ છે. દરોડા મોડી રાત કે અરે, યાર પેલા મુખબીર,ખબરી, બાતમીદારને આપણા વહીવટદારનો નંબર આપી દો . જેથી અંડર ટેબલ ભીનું સંકેલી શકાય!!!

ભરત વૈષ્ણવ...

## જીવદયા – ગૌ સેવાનાં ક્ષેત્રમાં અન્ય સંસ્થાઓને જોડાવા કરુણા ફાઉન્ડેશન, એનીમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા અપીલ

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇન – રાજકોટ દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે, રાજકોટમાં અન્ય સ્થળોએ પણ વધુ નિ:શુલ્ક, ટોક્નદરે પશુ દવાખાનાઓ અને હોસ્પિટલ, વધુ નિ:શુલ્ક ટોકનદરે પશુ- પક્ષીઓ સારવાર એમ્બ્યુલન્સ, પશુ-પક્ષી આશ્રય સ્થાન (શેલ્ટર), ગૌશાળા-પાંજરાપોળ, અબોલ જીવોનાં અન્નક્ષેત્રની તાતી જરૂરિયાત છે, અત્યારે અમારાં સહિત અનેક સંસ્થાઓ આ ક્ષેત્રે કામ કરે જ છે, પરંતુ અપૂરતા સાધનો, અનુદાન, વ્યવસ્થા, કાર્યકર્તાઓ, મેનેજમેન્ટને લઈને બધે પહોંચવું અશક્ય જ છે. જેને લઈને અનેક અબોલ જીવોનાં જીવન જોખમાય છે. જો કોઈ સેવાકીય સંસ્થાઓ નિ:શુલ્ક પશુ દવાખાનાઓ, વધુ નિ:શુલ્ક પશુ-પક્ષી સારવાર એમ્બ્યુલન્સ, પશુ- પક્ષી આશ્રય સ્થાન, ગૌશાળા-પાંજરાપોળ, અબોલ જીવોના અન્નક્ષેત્ર ખોલવા ઈચ્છે તો સંપૂર્ણ તકનિકી સહાય અને માર્ગદર્શન કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઇન દ્વારા આપવામાં આવશે. વધુ માહિતી માટે મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# યે રિશ્તા ક્યા કેહલાતા હૈ ફેમ કરન મેહરા તા.૫ અને ૬ ઓગસ્ટ ના રોજ નારાયણી હાઈટ્સમાં




સુમન ચેલાની દ્વારા આયોજિત હેપ્પી ફેસ્ટ-૨૦૨૩ માં થશે સામેલ

ઓશીયન બ્લેસિંગ્સ ઓફ ફાઉન્ડેશન દ્વારા એરપોર્ટ-ગાંધીનગર રોડ પર આવેલ નારાયણી હાઈટ્સ હોટેલ એન્ડ રીસોર્ટ માં હેપ્પી ફેસ્ટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ છે. તા.૫મી અને ૬ઠી ઓગષ્ટના રોજ સુમન ચેલાની દ્વારા સંચાલિત ઓશીયન બ્લેસિંગ્સ ઓફ ફાઉન્ડેશન દ્વારા હેપ્પી ફેસ્ટ-૨૦૨૩ નારાયણી હાઈટ્સનાં સુંદર બેંક્વેટ હોલમાં રાખવામાં આવેલ છે.

આ બે દિવસીય હેપ્પી ફેસ્ટમાં વિઝિટર્સને ઘણીબધી અવનવી પ્રોડક્ટ્સ વસ્તુઓ જોવા, માણવા તેમજ ખરીદવા મળશે.

સુમન ચેલાની (ઓશિયન ઓફ બ્લેસિંગ્સ ફાઉન્ડેશન) તથા નારાયણી હાઈટ્સ દ્વારા મહિલાઓ તેમજ બાળાઓને પ્રોત્સાહન પ્રાપ્ત થાય, અને તે પોતાના હોમ પ્રોડક્ટ વગેરેનું પ્રદર્શન તેમજ વેચાણ એક્ઝિબીશન-મેળામાં કરી શકે તેમજ આ પ્રકારે તેમનામાં નવો ઉત્સાહ, જાગૃતિ, સ્વાભિમાન, આત્મનિર્ભરતા, જાગૃતતા અને સક્ષમતાનો ભાવ વિકસિત થાય તેમજ તેમને તેમનાં ગૃહ ઉદ્યોગના ન્યુ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન પ્રાપ્ત થાય માટે મહિલા તેમજ બાળ વિકાસના પોતાના ઉત્તમ અભિગમ અંતર્ગત છેલ્લા કેટલાંક સમયથી એક્ઝિબીશન્સ રાખી રહ્યા છીએ. આવા એક્ઝિબીશનને નાગરિકો દ્વારા ખૂબ સરાહના મળી રહી છે.

આ આયોજનમાં કેટલીક સેલિબ્રીટી હસ્તી જેવી કે, ટીવી એક્ટર યે રિશ્તા ક્યા કેહલાતા હૈ ફેમ કરન મેહરા, વર્ષ ૨૦૧૯માં મિસ્ટર ઈન્ડિયા વિજેતા ધરમ સવલાની, સેલિબ્રિટી એન્કર આર.જે. એકે રહેમાન, માન્ટરશેફ ના ફાયનાલિસ્ટ સચીન ખટવાની પણ તેઓ પણ મહિલાઓનો આત્મવિશ્વાસ વધારવા નારાયણી હાઈટ્સમાં આવી રહી છે. આ હેપ્પી ફેસ્ટમાં પ્રદર્શની સાથે ઘણી નવી પ્રવૃત્તિઓ પણ રાખવામાં આવી છે જેમ કે, બોલિવુડ હાઉઝી / તમ્બોલા, ઈન્ડીપેન્ડેન્સ હાઉઝી / તમ્બોલા, મિસ્ટર મોડેલ ગુજરાત, મિસ અને મિસીસ બ્યુટી ક્વીન ગુજરાત, કુકીંગ કોમ્પિટીશન, કિડ્ઝ ફેશન શો, ડાન્સ કોમ્પિટિશન વગેરે.

અહીં આ એક્ઝિબિશનમાં, ફૂડથી લઈને ફૂટવેર કલેક્શન સુધી, ફેશનથી લઈને ફેસ્ટિવ સ્પેશિયલ કલેક્શન સુધીના ઉદ્યોગસાહસિકો ભાગ લઈ રહ્યાં છે.

અહીં તમામ વય જૂથોના મનોરંજન માટે વિવિધ પ્રવૃત્તિઓ છે.

આ હેપ્પી ફેસ્ટમાં કુલ ૧૦૦₹ સ્ટોલ છે, પ્રોત્સાહનરૂપે રૂ.૩ લાખ થી વધુના ઈનામો અને બધા મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશ મળશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગરના અહેવાલના પડ્યા પડઘા ચાણસ્મા પોલિસે કરાવ્યા દારૂના અડ્ડા બંધ

ગતરોજ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સમામાર પત્રમાં ચાણસ્મામા દેશી તેમજ વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું હોવાના અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા ત્યારે આજરોજ ચાણસ્મા પોલિસ હરકતમાં આવી તમામ જગ્યાયે વેચાતા દારૂના અડ્ડા બંધ કરાવવાની ફરજ પડી હતી ત્યારે જાગૃત નાગરીકો દ્વારા ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સમાચારનો આભાર વ્યકત કર્યો હતો

ચાણસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં દેશી તેમજ વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું હોઈ તેમજ આજનું યુવાધન બરબાદીના પંથે ધકેલાઈ રહ્યુ છે ત્યારે આ બાબતના સમાચાર ન્યુઝ ઓફ ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરાતા ચાણસ્મા પોલિસ સફાળી જાગી દારૂના અડ્ડા બંધ કરાવ્યા હોવાનુ જાણવા મળ્યુ હતું

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

## માણાવદર શહેરમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો દંડાયા



રેન્જ આઇ.જી નિલેશ જાજડિયાની સૂચનાથી અને જુનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ઠકરારના આદેશ અનુસાર માણાવદર પીએસઆઇ ચેતક બારોટ અને પોલીસ સ્ટાફ દ્વારા શાકમાર્કેટ રોડ, સિનેમા ચોક, બહારપરા રોડ ઉપર સઘન વાહન ચેકિંગ હાથ ધરી હેલ્મેટ વિના, સીલ્ટ બેલ્ટ વિના ચલાવતા વાહન ચાલકો તેમજ ધૂમ સ્ટાઇલ ચલાવતા વાહનનો, કારમાં કાળી ફિલ્મ લગાવેલ વાહનો તેમજ રાજપાઠમાં વાહન ચલાવતા વાહન ચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૬૮૦૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં માણાવદર પીએસઆઇ સી.વાય બારોટ, વિક્રમસિંહ સિસોદિયા, રામદેભાઈ જોરા, હિતેશભાઈ કાનગડ, વિનોદભાઈ કટારા, ચાપરાજસિંહ સિંધવ, વિક્રમ કડછા જોડાયા હતા અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી અગામી સમયમાં પણ આ ઝુંબેશ શરૂ રાખવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું

તસવીર- જયદીપ બરવાડીયા,અહેવાલ જીગ્નેશ પટેલ માણાવદર



આજ રોજ તા.૨૦/૦૮/૨૦૨૩ ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરીત મકાનમાં અગાઉ તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ ધ઼સ્ઞ છર્ષ્ઠ ની કલમ ૨૬૪ તથા ૨૬૮ / ઞ ની જોગવાઇ મુજબ જર્જરીત મકાનનો ભાગ તરત ખાલી કરવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના મુજબ ગુજરાત હાઉસિંગ બોર્ડના રહિશોને સલામતીના ભાગરૂપે દિન-૨ મા જર્જરીત મકાનો ખાલી કરવા ફરીવાર સ્થળે રૂબરૂ સુચના આપેલ અન્યથા ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા લાઇટ, પાણી, ગટર કનેક્શન બંધ કરવાની ફરજ પડશે. તે મુજબની આજ તેઓને જાણ કરવામાં આવેલ છે.

### વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સનાતન ધર્મની પ્રચારક સંસ્થાઃ શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ

## કાનુનથી દેશ નથી ચાલતો, આધ્યાત્મિકતાથી દેશ ચાલી રહ્યો છે : શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ

અમદાવાદના જાસપુર ખાતે બની રહેલા વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર વિશ્વઉમિયાધામનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે વિશ્વઉમિયાધામના મુળમંત્ર સામાજિક ઉત્થાનથી આધ્યાત્મિક ચેતના જાગૃત કરવા ઉદ્દેશ્ય સાથે અમદાવાદના રાજપથ ક્લબ ખાતે સનાતન ધર્મ-વિચાર ગોષ્ઠીનું આયોજન કરાયું હતું. જેમાં ભારતીય સનાતન સંસ્કૃતિના પ્રચારક શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠે સંબોધન કર્યું હતું. ભારતની સનાતન વૈદિક પરંપરાને સદીઓ સુધી જીવંત રાખવા સામાજિક સુરક્ષામાં પડતી તકલિફો વિષય પર આ વિચાર ગોષ્ઠીનું આયોજન કરાયું હતું. જેમાં સંસ્થાના




પ્રમુખશ્રી આર.પી.પટેલ સહિતના ટ્રસ્ટીઓ અને અનેક મા ઉમિયાના ભક્તો પધાર્યા હતા. ઉલ્લેખનીય છે કે શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠજીએ જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઉંચા મંદિર વિશ્વઉમિયાધામનું શિલાપૂજન કરી ધન્યતા પણ અનુભવી હતી★સનાતન ધર્મ બચાવી રાખવા તમામ પરિવારોએ ઘરસભા કરવી જોઈએઃ શ્રી આર.પી.પટેલ★

સનાતન ધર્મ વિચાર ગોષ્ઠી અંગે વાત કરતા સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલ જણાવે છે કે સદીઓ સુધી આપણી સનાતન સંસ્કૃતિને ટકાવી રાખવી હોય તો તમામ પરિવારોએ ઘરસભા કરવી જોઈએ. વિશ્વઉમિયાધામ સનાતન ધર્મના કાર્ય માટે હંમેશા તત્પર છે

★અનાદિકાળથી ભારત ભૂમિ પર બનેલા ૪૨,૦૦૦ મંદિર વિજ્ઞાન પર આધારિત છેઃ શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ★

સનાતન ધર્મ-વિચાર ગોષ્ઠીમાં સંબોધન કરતા શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ જણાવે છે કે અનાદિકાળથી ભારત ભૂમિ પર બનેલા ૪૨૦૦૦થી વધુ મંદિરો વિશ્વના કોઈ પણ દેશમાં બની શકે તેમ નથી. તે વિજ્ઞાન પર બનેલા છે. સંવિધાનથી રાષ્ટ્ર નથી ચાલતો આધ્યાત્મિકતાથી રાષ્ટ્ર ચાલે છે. અંગ્રેજોએ આપણને હજુ પણ ગુલામ રાખ્યા છે.

## સદભાવના વૃદ્ધાશ્રમને વધારે માવતરનો સમાવેશ થઈ શકે તે માટે મોટું બિલ્ડીંગ નિઃશુલ્ક અથવા ભાડે જોઈએ છે

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઇપર વાળા) છે. વૃદ્ધાશ્રમમાં દર મહિને ૧૦૦ જેટલા વડીલો પ્રવેશ માટે આવી રહ્યા છે. જે રીતે પ્રવેશ મેળવનારણી સંખ્યા વધારે છે. તેને ધ્યાનમાં રાખીને સદભાવના વૃદ્ધાશ્રમમાં ૨૦૦૦ વડીલોનો સમાવેશ થઇ શકે તેવું પરિસર ૩૦ એકરમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. જે તૈયાર થતા ૨ વર્ષ જેવો સમય લાગશે. વર્તમાન સમયમાં વૃદ્ધાશ્રમમાં પ્રવેશ લેવા આવતા વડીલોને ના ન પાડવી એ માટે રાજકોટ અથવા રાજકોટની આસપાસના વિસ્તારમાં સદભાવના વૃદ્ધાશ્રમને મોટું બિલ્ડીંગ નિઃશુલ્ક અથવા ભાડે જોઈએ છે. આ અંગે વધુ માહિતી માટે (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત રાજ્યમાં દૈનિક ૪ અઠાર વર્ષથી નીચેની દિકરીઓ ગુમ થાય છે, પાંચ મહિલાઓ ઉપર દુષ્કર્મ થાય છેઃ પાર્થિવરાજસિંહ કઠવાડીયા

લોકસભામાં અપાયેલ દુષ્કર્મના આંકડા અને વિધાનસભામાં અપાયેલ દુષ્કર્મના આંકડામાં વિસંગતતા, લોકસભામાં આંકડા ઓછા દર્શાવવામાં આવ્યાં, સાચુ કોણ વિધાનસભા કે લોકસભા ? પાર્થિવરાજસિંહ કઠવાડીયા.

ગુજરાત કોંગ્રેસ ના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ જણાવ્યું હતું કે સરકાર ના બેટી બચાવો ના દાવા પોકળ છે તે સરકાર ના આંકડા થી સાબિત થાય છે. ગુજરાત માં પ્રતિ દિવસ ૪ અઢાર વર્ષ થી નીચે ની બાળકીઓ ગુમ થાય છે અને પ્રતિ દિન ૫ બળાત્કાર થાય છે. લોકસભાના જવાબ મુજબ ગુજરાત માં ૫ વર્ષ માં ૭૪૩૦ અઢાર વર્ષ થી નીચે ની બાળકીઓ ગુમ. વર્ષ ૨૦૨૧ માં ૧૪૭૪, વર્ષ ૨૦૨૦ માં ૧૩૪૫, વર્ષ ૨૦૧૯ માં ૧૪૦૩, વર્ષ ૨૦૧૮ માં ૧૬૮૦ અને વર્ષ ૨૦૧૭ માં ૧૫૨૮ અઢાર વર્ષ થી નીચે ની બાળકીઓ ગુમ. ગુજરાત વિધાનસભા માં ૧૦/૩/૨૦૨૨ ના આંકડા મુજબ ગુજરાત માં બે વર્ષ માં ૩૭૯૬ બળાત્કાર થયા તેમ દર્શાવવા આવ્યું હતું, અને લોકસભા મુજબ પાંચ વર્ષ માં ૨૬૩૩ બળાત્કાર નો આંક આપવા માં આવ્યો છે. વિધાનસભા મુજબ અમદાવાદ શહેરમાં બે વર્ષમાં ૭૨૯ દુષ્કર્મની ઘટના અને ૧૬ જેટલા સામુહિક દુષ્કર્મની ઘટના, સુરત શહેરમાં ૫૦૮ દુષ્કર્મ અને ૫ સામુહિક બળાત્કારના કિસ્સા, વડોદરામાં ૧૮૩ દુષ્કર્મ અને ૪ સામુહિક દુષ્કર્મની ઘટના, રાજકોટમાં ૧૪૫ દુષ્કર્મ અને ૭ સલામુહિક બળાત્કારના કિસ્સા, લોકસભામાં ઓછા આંકડા દર્શાવી ગુજરાત માં બનતી દુષ્કર્મ ની ઘટનાઓ નો આંક છુપાવવા આવી રહ્યો છે. લોકતંત્ર ના મંદિર માં જુઠ્ઠું બોલતા ભાજપ ના મંત્રીઓ લોકતંત્ર ને શરમાવે છે. ગુજરાત રાજ્યમાં મહિલા સુરક્ષાનો પ્રશ્ન ચિંતાજનક છે.વર્ષ ૧૮ વર્ષથી ગુમ થતી બાળકીઓનો આંક

| | |
|---|---|
| ૨૦૨૧ | ૧૪૭૪ |
| ૨૦૨૦ | ૧૩૪૫ |
| ૨૦૧૯ | ૧૪૦૩ |
| ૨૦૧૮ | ૧૬૮૦ |
| ૨૦૧૮ | ૧૫૨૮ |
| કુલ | ૭૪૩૦ |

વિધાનસભામાં આપેલ બે વર્ષના દુષ્કર્મના આંકડા લોકસભામાં આપેલ પાંચ વર્ષના દુષ્કર્મના આંકડા

| | |
|---|---|
| ૩૭૯૬ | ૨૬૩૩ |

સાચુ કોણ ?સાચુ કોણ ?

## યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં ગાંધીનગર પ્રદેશ કાર્યાલયશ્રી કમલમ ખાતે આગામી કાર્યક્રમોના આયોજન અંગેની બેઠક યોજાઇ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા યુવા મોરચાની બેઠક ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ, જિલ્લાના યુવામોરચાના પ્રમુખશ્રીઓ અને પ્રભારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં યુવા મોરચા દ્વારા આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.



યુવા મોરચા દ્વારા આગામી કાર્યક્રમોની રૂપરેખા અંગે મીડિયાને સંબોધતા ડો.પ્રશાંત કોરાટે જણાવ્યું હતું, દેશના કર્મઠ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશને આત્મનિર્ભર અને શ્રેષ્ઠ ભારતની નેમ મજબૂત કરવા દેશના યુવાનો પર ભાર મુક્યો છે અને આજનો યુવા જોબ સિકર કરતા જોબ ગિવર બને તે દિશામાં અનેક કામો કર્યા છે જેના પરિણામે દેશના યુવાનો આજે દરેક ક્ષેત્રે આગળ છે. ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના કાર્યકરો આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી ભાજપા પાર્ટીને પ્રચંડ જીત અપાવે તે માટે યુવા મોરચા દ્વારા આવનાર દિવસોમાં વિવિધ કાર્યક્રમો યોજનાર છે.

શ્રી કોરોટે વધુમાં જણાવ્યું કે, ૧૫મી ઓગસ્ટના દિને સ્વતંત્ર દિવસ નિમિત્તે રાજયભરમાં યુવાનો દેશભક્તિના રંગમાં રંગાય તે માટે ૧૧,૧૨ અને ૧૩ ઓગસ્ટે તિરગાનું વિતરણ કરી વિશેષ ઝુંબેશ ચલાવશે અને વિવિધ શહેરમાં તિરંગા વિતરણ કરવામાં આવશે. ૧૪ મી ઓગસ્ટ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત મશાલ રેલીનું આયોજન રાજયના તમામ તાલુકા અને શહેરોમાં કરવામા આવશે.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, મેરી માટી મેરા દેશ અંતર્ગત આગામી સમયમાં દેશ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમજ રાજયના યુવક બોર્ડ દ્વારા યુથ પાર્લામેન્ટનું આયોજન થનાર છે જેમાં યુવા મોરચાના કાર્યકરો જોડાશે. આવનરા દિવસમાં રાજયના નવ યુવાનો ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને જાણે અને પક્ષ સાથે જોડાઈ દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપે તે દિશામાં વિધ કાર્યો હાથ ધરાશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.